# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૩૧.૦૩.૨૦૧૯

-----------

**આગામી લોકસભાની ચૂંટણીમાં અમેઠી બેઠક પરથી સ્મૃતિ ઈરાનીજીનો વિજય નિશ્ચિત છે જેથી રાહુલ ગાંધીને બીજી બેઠક પરથી ચૂંટણી લડવાની ફરજ પડી છે – શ્રી ભરત પંડ્યા**

-----------

**ગુજરાતના પનોતાપુત્રનું કોંગ્રેસ દ્વારા કરાયેલ અપમાન ગુજરાતની જનતા ક્યારેય નહી ભૂલે, આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર કોંગ્રેસને ધૂળ ચાટતી કરી દેશે અને ભાજપાને ભવ્ય વિજય અપાવશે – શ્રી ભરત પંડ્યા**

-----------

**જેને દેશ માટે ગૌરવ હોય, જેની વિકાસયાત્રામાં ભાગીદારી હોય કે જે વ્યવસાય કે નોકરી કરી દેશની સેવા કરતો નાગરિક હોય તે પ્રત્યેક વ્યક્તિ દેશનો ચોકીદાર છે – શ્રી ભરત પંડ્યા**

-----------

આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયાને સંબોધતા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ નકારાત્મક રાજનીતિ કરે છે તેમજ ઈર્ષા અને વેરઝેરની ભાવના સાથે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપા ઉપર 'ચોકીદાર ચોર હૈ' જેવા નારા સાથે ખોટા આક્ષેપો કરે છે. ભાજપા ચોકીદાર શબ્દને ક્રિયાશીલ, કર્મશીલ અને ભાવનાત્મક રીતે લે છે. પોતાના કાર્યને પ્રમાણિકતા અને નિષ્ઠાથી કરતો દેશનો પ્રત્યેક નાગરિક દેશનો ચોકીદાર છે. જેને દેશ માટે ગૌરવ હોય, જેની વિકાસયાત્રામાં ભાગીદારી હોય કે જે વ્યવસાય કે નોકરી કરી દેશની સેવા કરતો નાગરિક હોય તે પ્રત્યેક વ્યક્તિ દેશનો ચોકીદાર છે.

શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, ૧૬મી માર્ચ, ૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ "મૈં ભી ચૌકીદાર" અભિયાનની શરૂઆત થઈ તે દિવસે આ અભિયાન સમગ્ર વિશ્વના સોશીયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર પ્રથમ નંબરે ટ્રેન્ડીંગ કરી રહેલ હતુ. અત્યાર સુધીમાં આ અભિયાન ૩૦ લાખ રીટ્વીટ અને દોઢ કરોડ ઈમ્પ્રેશન્સ (પ્રતિસાદ) મેળવી ચૂકેલ છે. એક કરોડથી વધુ લોકોએ નમો એપ તેમજ સોશીયલ મીડિયામાં 'મૈં ભી ચૌકીદાર' હોવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ વિવિધ બાબતો સૂચવે છે કે, દેશની જનતા ચોકીદાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે અડીખમ ઉભી છે.

કોંગ્રેસને આડેહાથ લેતા શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, આશરે ૪૮ વર્ષો સુધી દેશનું પ્રધાનમંત્રીપદ તેમજ આશરે ૪૧ વર્ષ સુધી કોંગ્રેસ પાર્ટીનું અધ્યક્ષપદ માત્ર ગાંધી પરીવાર પાસે જ રહ્યુ છે. સરકાર અને સંગઠન બંને પર વર્ષોથી કબજો રાખનાર ગાંધી પરીવારે જ્યારે બોફોર્સ, અગસ્તા વેસ્ટલેન્ડ, વાડ્રા જમીન ગોટાળા જેવા કૌભાંડો કર્યા હોય અને આજે નેશનલ હેરાલ્ડ કેસમાં જેઓ જામીન ઉપર બહાર હોય તેવા લોકો આજે પ્રમાણિક, પરિશ્રમી અને વિશ્વભરમાં દેશનું માન-સન્માન વધારનારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી માટે જુઠ્ઠા આક્ષેપો કરી ચોર જેવા શબ્દ પ્રયોગ કરે છે. ગુજરાતના પનોતાપુત્રનું આ રીતે કરાયેલ અપમાન ગુજરાતની જનતા ક્યારેય નહી ભૂલે અને આવી મહાચોર કોંગ્રેસ પાર્ટીને આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ધૂળ ચાટતી કરી દેશે અને ભાજપાને ભવ્ય વિજય અપાવશે.

શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના નેતા અને પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધી કહેતા હતા કે, દિલ્હીથી ગરીબ માટે એક રૂપિયો મોકલીએ ત્યારે ગરીબના હાથમાં માત્ર ૧૫ પૈસા જ પહોંચે છે. અને આજે પ્રધાનસેવક શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ૫.૪૩ લાખ કરોડ રૂપિયા ખેડુત, યુવા, મહિલા, ગરીબ, વંચિત તેમજ શોષીત નાગરિકોના બેંક ખાતામાં જમા કરવામાં આવ્યા છે. પારદર્શી સરકાર કેવી રીતે ચલાવી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂરુ પાડ્યુ છે.

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની અમેઠી ઉપરાંત કેરળથી ચૂંટણી લડવાની જાહેરાત થયાના વિષયે શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, અમેઠીમાં રાહુલ ગાંધીને હાર સ્પષ્ટ દેખાઈ રહી છે. આટલા વર્ષોથી અમેઠી બેઠક કોંગ્રેસની પરંપરાગત બેઠક રહી હોવા છતાં પણ અમેઠીનો યોગ્ય વિકાસ થયો નથી. જ્યારે બીજી તરફ સ્મૃતિ ઈરાનીજીએ છેલ્લા પાંચ વર્ષમાં અમેઠીનો સતત પ્રવાસ કરી જનતાના પ્રશ્નો ચિંતા કરી છે અને તે પ્રશ્નોના નિવારણ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. આગામી લોકસભાની ચૂંટણીમાં અમેઠી બેઠક પરથી સ્મૃતિ ઈરાનીજીનો વિજય નિશ્ચિત છે જેથી રાહુલ ગાંધીને બીજી બેઠક પરથી ચૂંટણી લડવાની ફરજ પડી છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૩૧.૦૩.૨૦૧૯

## <u>ભાજપાના લોકસભા બેઠકો માટે ઉમેદવારોનો નામાંકન કાર્યક્રમ</u>

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

**આવતીકાલે કચ્છ ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી વિનોદભાઇ ચાવડાના ઉમેદવારી નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૨ એપ્રિલે રાજકોટ ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી મોહનભાઇ કુંડારીયાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે**

-----------

## ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી

**આવતીકાલે ભાવનગર ખાતે ભાજપાના ઉમેદવાર ડૉ. ભારતીબેન શીયાળના નામાંકન પ્રસંગે, તારીખ ૨ એપ્રિલે પોરબંદર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુકના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૪ એપ્રિલે પાલનપુર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી પરબતભાઇ પટેલના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે**

-----------

## કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઇ રૂપાલા

**આવતીકાલે નડીયાદ ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી દેવુસિંહ ચૌહાણના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૨ એપ્રિલે અમરેલી ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી નારણભાઇ કાછડીયાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.**

-----------

## કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા

**તારીખ ૨ એપ્રિલે જામનગર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રીમતી પુનમબેન માડમના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૩ એપ્રિલે જુનાગઢ બેઠક પર ભાજપાના ઉમેદવાર શ્રી રાજેશભાઇ ચૂડાસમાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.**

-----------

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યુ હતુ કે,આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ભાજપા દ્વારા ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પૈકી ૨૩ લોકસભા બેઠકો માટે ઉમેદવારો જાહેર થઇ ચૂક્યા છે. બાકી રહેલ ૩ ઉમેદવારોના નામ ટૂંક સમયમાં જાહેર થશે.

શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આવતીકાલે તારીખ ૧ એપ્રિલ, સોમવારના રોજ કચ્છ ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી વિનોદભાઇ ચાવડાના ઉમેદવારી નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૨ એપ્રિલ, મંગળવારના રોજ રાજકોટ ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી મોહનભાઇ કુંડારીયાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી આવતીકાલે તારીખ ૧ એપ્રિલ, સોમવારના રોજ ભાવનગર ખાતે ભાજપાના ઉમેદવાર ડૉ. ભારતીબેન શીયાળના નામાંકન પ્રસંગે, તારીખ ૨ એપ્રિલ, મંગળવારે પોરબંદર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુકના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૪ એપ્રિલ, ગુરુવારે પાલનપુર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી પરબતભાઇ પટેલના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઇ રૂપાલાજી આવતીકાલે તારીખ ૧ એપ્રિલ, સોમવારના રોજ નડીયાદ ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી દેવુસિંહ ચૌહાણના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૨ એપ્રિલ, મંગળવારે અમરેલી ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી નારણભાઇ કાછડીયાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા તારીખ ૨ એપ્રિલ, મંગળવારે જામનગર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રીમતી પુનમબેન માડમના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૩ એપ્રિલે જુનાગઢ બેઠક પર ભાજપાના ઉમેદવાર શ્રી રાજેશભાઇ ચૂડાસમાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

આજરોજ જાહેર થયેલ પાટણ લોકસભા બેઠક પર ભાજપાના ઉમેદવાર શ્રી ભરતસિંહ ડાભીના નામાંકન પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી હરિભાઇ ચૌધરી, શ્રી શંકરભાઇ ચૌધરી તથા શ્રી કે.સી.પટેલ, આણંદ લોકસભા બેઠક પરના ભાજપાના ઉમેદવાર શ્રી મિતેશભાઇ પટેલના નામાંકન પ્રસંગે શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, છોટાઉદેપુર લોકસભા બેઠક પર ભાજપાના ઉમેદવાર શ્રીમતી ગીતાબેન રાઠવાના નામાંકન પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોર અને શ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેશે.

લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવારશ્રીઓ નામાંકન દાખલ કરવાના છે તેની તારીખ, સમય અને પ્રદેશમાંથી ઉપસ્થિત રહેનાર અગ્રણીશ્રીઓના નામની વિગત બીજા પાને છે,

..૨..

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




| ક્રમ | લોકસભા બેઠક | ફોર્મ ભરવાની તારીખ અને સમય | સ્થળ | ઉમેદવારશ્રીનું નામ | પ્રદેશમાંથી ઉપસ્થિત રહેનાર અગ્રણીનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | ખેડા | ૧.૪.૨૦૧૯ સવારે ૧૦.૦૦ ક. | કલેક્ટર કચેરી-નડીયાદ | શ્રી દેવુસિંહ ચૌહાણ | શ્રી પરશોત્તમભાઇ રૂપાલા (કેન્દ્રીય મંત્રી) |
| ૨. | નવસારી | ૧.૪.૨૦૧૯ સવારે ૧૦.૦૦ ક. | કલેક્ટર કચેરી-નવસારી | શ્રી સી.આર.પાટીલ | શ્રી મંગુભાઇ પટેલ (પૂર્વ મંત્રીશ્રી) |
| ૩. | કચ્છ (અ.જા.) | ૧.૪.૨૦૧૯ બપોરે ૧૨.૨૨ ક. | હોટલ વિરામ, આકાશવાણીની બાજુમા, ભૂજ | શ્રી વિનોદભાઇ ચાવડા | શ્રી વિજયભાઇ રૂપાણી (મુખ્યમંત્રીશ્રી) |
| ૪. | ભાવનગર | ૧.૪.૨૦૧૯ બપોરે ૧૨.૩૯ ક. | સત્યનારાયણ રોડ, ભાવનગર | ડૉ. ભારતીબેન શીયાળ | શ્રી જીતુભાઇ વાઘાણી (ભાજપા પ્રદેશ પ્રમુખ) |
| ૫. | સાબરકાંઠા | ૧.૪.૨૦૧૯ બપોરે ૧૨.૩૯ ક. | દૂર્ગા માર્કેટ કેમ્પસ, હિંમતનગર | શ્રી દિપસિંહ રાઠોડ | શ્રી શંકરભાઇ ચૌધરી(પૂર્વ મંત્રીશ્રી)<br>શ્રી કે.સી.પટેલ (પ્રદેશ મહામંત્રીશ્રી)<br>શ્રી રમણભાઇ પાટકર (મંત્રીશ્રી) |
| ૬. | અમદાવાદ પશ્ચિમ (અ.જા.) | ૧.૪.૨૦૧૯ બપોરે ૧૨.૩૯ ક. | કલેક્ટર કચેરી, સુભાષબ્રિજ અમદાવાદ | ડૉ. કિરિટભાઇ સોલંકી | શ્રી પ્રદિપસિંહ જાડેજા (મંત્રીશ્રી) |
| ૭. | પંચમહાલ | ૧.૪.૨૦૧૯ બપોરે ૧૨.૩૯ ક. | જીલ્લા ભાજપા કાર્યાલય, ગીતામૃત, કલાલ દરવાજા પાસે, પ્રભારોડ, પાંજરાપોળ રોડ, ગોધરા | શ્રી રતનસિંહ રાઠોડ | શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા (મંત્રીશ્રી) |
| ૮. | પોરબંદર | ૨.૪.૨૦૧૯ બપોરે ૧૦.૦૦ ક. | સુદામા ચોક, પોરબંદર | શ્રી રમેશભાઇ ધડુક | શ્રી જીતુભાઇ વાઘાણી (ભાજપા પ્રદેશ પ્રમુખ) |
| ૯. | રાજકોટ | ૨.૪.૨૦૧૯ બપોરે ૧૧.૦૦ ક. | બહુમાળી ભવન, સરદાર પટેલ સ્ટેચ્યુ, રાજકોટ | શ્રી મોહનભાઇ કુંડારીયા | શ્રી વિજયભાઇ રૂપાણી (મુખ્યમંત્રીશ્રી) |
| ૧૦. | જામનગર | ૨.૪.૨૦૧૯ બપોરે ૧૧.૦૦ ક. | ઓસવાલ સેન્ટર, જામનગર | શ્રીમતી પુનમબેન માડમ | શ્રી આર.સી.ફળદુ (મંત્રીશ્રી)<br>શ્રી મનસુખભાઇ માંડવીયા (કેન્દ્રીય મંત્રીશ્રી) |
| ૧૧. | વલસાડ (અ.જ.જા) | ૨.૪.૨૦૧૯ બપોરે ૧૨.૩૯ ક. | કલેક્ટર કચેરી, વલસાડ | ડૉ. કે.સી.પટેલ | શ્રી મંગુભાઇ પટેલ (પૂર્વ મંત્રી) |
| ૧૨. | ભરૂચ | ૨.૪.૨૦૧૯ બપોરે ૧૨.૩૯ ક. | કલેક્ટર કચેરી, ભરૂચ | શ્રી મનસુખભાઇ વસાવા | શ્રી ભરતસિંહ પરમાર (પ્રદેશ મહામંત્રીશ્રી) |
| ૧૩. | બારડોલી (અ.જ.જા) | ૨.૪.૨૦૧૯ બપોરે ૧૨.૩૯ ક. | કલેક્ટર કચેરી, વ્યારા | શ્રી પ્રભુભાઇ વસાવા | શ્રી ગણપતભાઇ વસાવા (મંત્રીશ્રી) |
| ૧૪. | અમરેલી | ૨.૪.૨૦૧૯ બપોરે ૧૨.૦૦ ક. | મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય, ભીડભંજન હનુમાન મંદિર સામે, સુખનાથપુરા રોડ, અમરેલી | શ્રી નારણભાઇ કાછડીયા | શ્રી પરશોત્તમભાઇ રૂપાલા (કેન્દ્રીય મંત્રીશ્રી) |
| ૧૫. | બનાસકાંઠા | ૪.૪.૨૦૧૯ બપોરે ૧૧.૦૦ ક. | જોડનાપુર-દેવપુરા પાટીયા, ઝાયકા હોટલની સામે, ડીસા રોડ, પાલનપુર | શ્રી પરબતભાઇ પટેલ | શ્રી જીતુભાઇ વાઘાણી (ભાજપા પ્રદેશ પ્રમુખ) |

ભાજપાના ઉમેદવારો દ્વારા ગાંધીનગર, દાહોદ, સુરેન્દ્રનગર અને વડોદરા લોકસભા બેઠક પર નામાંકન પત્ર ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઇ ચૂકેલ છે તેમ શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યુ હતુ.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૩૧.૦૩.૨૦૧૯

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિડીયો કોન્ફરન્સ દ્વારા "મૈં ભી ચૌકીદાર" અભિયાન અંતર્ગત આજે અત્યાર સુધીના સૌથી વ્યાપક એવા ટાઉન હોલ કાર્યક્રમમાં દેશના ૫૦૦ તથા ગુજરાતના ૫૦ જેટલા સ્થાનો ઉપરથી પ્રજા સાથે સીધો સંવાદ કર્યો**

-----------

**રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારી શ્રી ઓમજી માથુર મોડાસા ખાતે, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી ગાંધીનગર ખાતે અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા દહેગામ ખાતે ઉપસ્થિત રહ્યા.**

-----------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ગોધરા ખાતે અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ચાણસ્મા ખાતે ઉપસ્થિત રહ્યા**

-----------

**કેન્દ્રીય મંત્રીશ્રીઓ શ્રી પરશોત્તમભાઇ રૂપાલા વડોદરા ખાતે અને શ્રી મનસુખભાઇ માંડવીયા જૂનાગઢ ખાતે ઉપસ્થિત રહ્યા**

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના **"મૈં ભી ચૌકીદાર"** અભિયાન અંતર્ગત આજરોજ સાંજે ૫.૦૦ વાગ્યે અત્યાર સુધીના સૌથી વ્યાપક એવા ટાઉન હોલ કાર્યક્રમમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિડીયો કોન્ફરન્સ દ્વારા દેશના ૫૦૦ તથા ગુજરાતના ૫૦ જેટલા સ્થાનો ઉપરથી પ્રજા સાથે સીધો સંવાદ કર્યો હતો.

આ અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારી શ્રી ઓમજી માથુર મોડાસા ખાતે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ગોધરા ખાતે, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી ગાંધીનગર ખાતે, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા દહેગામ ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ચાણસ્મા ખાતે, કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમભાઇ રૂપાલા વડોદરા ખાતે અને કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયા જૂનાગઢ ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત પ્રદેશ ભાજપાના હોદ્દેદારશ્રીઓ, સરકારના મંત્રીશ્રીઓ તેમજ અન્ય સીનીયર નેતાઓ નિર્ધારિત કરેલ સ્થળે ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા. ૩૧.૦૩.૨૦૧૯

-----------

**આજરોજ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતેથી ભાજપાના વરીષ્ઠ નેતા શ્રી સુરેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા તથા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ભાજપાના પ્રચાર-પ્રસાર અર્થે સાત ટેબ્લો રથનું પ્રસ્થાન કરાવ્યુ**

-----------

**આ પ્રસંગે પ્રદેશ અગ્રણીશ્રી મહેશભાઇ કસવાલા, પ્રદેશ મંત્રીશ્રી હર્ષદગીરી ગોસ્વામી તથા ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા**

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતેથી ભાજપાના વરીષ્ઠ નેતા શ્રી સુરેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા તથા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ભાજપાના પ્રચાર-પ્રસાર અર્થે સાત ટેબ્લો રથનું પ્રસ્થાન કરાવ્યુ હતુ. આ પ્રસંગે પ્રદેશ અગ્રણીશ્રી મહેશભાઇ કસવાલા, પ્રદેશ મંત્રીશ્રી હર્ષદગીરી ગોસ્વામી, તથા ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

'મૈં ભી ચૌકીદાર' થીમ, કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી સિધ્ધિઓ તેમજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વને અનુલક્ષીને વિવિધ ગીત-સંગીત દ્વારા સુપ્રસિધ્ધ કલાકાર મંગલસિંહ ઝાલા અને તેમની ટીમ આ સાત ટેબ્લો રથનું સંકલન કરીને સુરત, અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, ભરૂચ, બનાસકાંઠા, કચ્છ અને અમરેલી એમ સાત લોકસભા મતવિસ્તારોમાં જઇને પ્રચાર-પ્રસારના કાર્યો કરશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ